RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ જેઠ સુદ - ૨ | બુધવાર તા.૧૭-૦૬-૨૦૨૬ | અંક : ૧૪૩ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# જામ્યુકોની કચેરીમાં બોમ્બ મુકાયાનો ઈ-મેલ મળતા અફરા-તફરી મચી

## બોમ્બ સ્ક્વોડ, એલસીબી, એસઓજી અને ફાયરનો કાફલો તાત્કાલિક પહોંચ્યો; બિલ્ડિંગ ખાલી કરાવી સઘન તપાસ શરૂ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં બોમ્બ હોવાનો ધમકીભર્યો ઈ-મેલ મળતાં બુધવારે સવારે ૧૦ વાગ્યાથી તંત્ર અને પોલીસ વિભાગ દોડતું થયું હતું. ઘટનાની જાણ થતાં જ સુરક્ષા એજન્સીઓ સતર્ક બની ગઈ હતી અને તાત્કાલિક અસરથી મહાનગરપાલિકાની સમગ્ર બિલ્ડિંગ ખાલી કરાવવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ મહાનગરપાલિકાને બોમ્બથી ઉડાવી દેવા અંગેનો ઈ-મેલ દસ વાગ્યા આસપાસ કમિશનર કાર્યાલયને મળતાં જ અધિકારીઓએ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ બોમ્બ સ્ક્વોડ, સ્થાનિક ગુના શાખા (એલસીબી), વિશેષ કામગીરી જૂથ (એસઓજી), ડોગ સ્ક્વોડ ફાયર બ્રિગેડ સહિતની વિવિધ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

સુરક્ષાના ભાગરૂપે મહાનગરપાલિકાના મુખ્ય પ્રવેશદ્વાર સહિત તમામ પ્રવેશ માર્ગો બંધ કરી દેવામાં આવ્યા હતા અને કર્મચારીઓ, અધિકારીઓ તેમજ મુલાકાતીઓને બિલ્ડિંગમાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. સમગ્ર કોર્પોરેશન કચેરી અને આસપાસના વિસ્તારને પોલીસ બંદોબસ્ત હેઠળ લઈ લેવામાં આવ્યો હતો.

બોમ્બ સ્ક્વોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા મહાનગરપાલિકાની બિલ્ડિંગના દરેક માળ, વિભાગ, કચેરી, પાર્કિંગ વિસ્તાર તથા આસપાસના સ્થળોએ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કોઈ પણ શંકાસ્પદ વસ્તુ કે સામગ્રી મળી આવે નહી તે માટે અત્યંત સાવચેતી સાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સુરક્ષા કારણોસર મહાનગરપાલિકા વિસ્તારમાં લોકોની અવરજવર પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો તેમજ આસપાસના વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થામાં પણ જરૂરી ફેરફારો કરવામાં આવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા મુજબ સમગ્ર બિલ્ડિંગ અને આસપાસના વિસ્તારનું ચેકિંગ પૂર્ણ ન થાય ત્યાં સુધી સુરક્ષા વ્યવસ્થા યથાવત રાખવામાં આવશે. હાલ વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ ચાલુ છે અને ઈ-મેલની સત્યતા અંગે પણ તકેદારીપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રાથમિક તબક્કે આ ધમકીભર્યા ઈ-મેલને ગંભીરતાથી લઈને તમામ સુરક્ષા પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે અને સમગ્ર મામલે પોલીસ તથા સંબંધિત એજન્સીઓ વધુ તપાસ ચલાવી રહી છે.

મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયા તેમજ અન્ય અધિકારીઓ ઉપરાંત નગરના મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી શાસક જૂથના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન રુપડીયા વગેરે પણ મહાનગરપાલિકાના પટાંગણમાં આવી ગયા હતા, અને સમગ્ર કાર્યવાહી પર દેખરેખ રાખી હતી.

# તમિલનાડુમાં જન્મ લેનારા દરેક બાળક પર સરેરાશ ૧.૨૮ લાખ રૂપિયાનું દેવું

## તમિલનાડુની નવી સરકારે રાજ્યની કથળતી આર્થિક સ્થિતિને લઈને એક સત્તાવાર ‘શ્વેત પત્ર’ જાહેર કર્યો

ચેન્નાઈ

તમિલનાડુની નવી સરકારે રાજ્યની કથળતી આર્થિક સ્થિતિને લઈને એક સત્તાવાર ‘શ્વેત પત્ર’ જાહેર કર્યો છે. મુખ્ય પ્રધાન વિજયના નેતૃત્વ વાળી આ નવી સરકારના નાણા પ્રધાન એન. મેરી વિલ્સને જણાવ્યું કે રાજ્ય આ સમયે અભૂતપૂર્વ અને ભારે દેવાના સંકટનો સામનો કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, તમિલનાડુમાં જન્મ લેનારા દરેક બાળક પર હવે સરેરાશ ૧.૨૮ લાખ રૂપિયાનું દેવું છે. એટલે કે, આ રાજ્યમાં કોઈ પણ બાળકનો જન્મ થાય તેના ભારે ૧.૨૮ લાખનું દેવું આવે એટલું દેવું અત્યારે તમિલનાડુ રાજ્ય પર છે.

આ સરકારી અહેવાલમાં અગાઉની એમ.કે. સ્ટાલિન સરકારની આર્થિક નીતિઓ અને કામકાજ પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રિપોર્ટની વાત કરવામાં આવે તો, પાંચ વર્ષ પહેલાં રાજ્ય પર આશરે ૪.૮ લાખ કરોડ રૂપિયાનું દેવું હતું, જે હવે વધીને લગભગ ૧૦ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. જો આમાં અન્ય તમામ નાના-મોટા સરકારી દેવાં, પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ્સની લોન અને સરકારી ગેરંટીઓને જોડી દેવામાં આવે, તો રાજ્ય પર કુલ આર્થિક બોજ ૧૩.૧૮ લાખ કરોડ રૂપિયા પર પહોંચી જાય છે.

નાણા પ્રધાન એન. મેરી વિલ્સને ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, પાછલા ૫ વર્ષોમાં સરકારે એટલું દેવું લીધું છે જેટલું વિતેલા ૬૦ વર્ષોમાં પણ લેવાયું નહોતું. સૌથી મોટી ચિંતા એ છે કે આ નાણાંનો ઉપયોગ કોઈ નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર (જેમ કે રસ્તા, હોસ્પિટલ કે સ્કૂલ) બનાવવાના બદલે રોજબરોજના સરકારી ખર્ચાઓ પૂરા કરવા માટે કરવામાં આવ્યો છે.તમિલનાડુ સરકાર જે પણ ૧ રૂપિયો કમાય છે, તેમાંથી ૨૨.૮ પૈસા તો માત્ર જૂના દેવાનું વ્યાજ ચૂકવવામાં જ વપરાઈ જાય છે. રાજ્યના મુખ્ય આર્થિક આંકડાની સ્થિતિની વાત કરવામાં આવે તો, રાજ્યની ખાધ ૪૬,૫૩૮ કરોડ રૂપિયાથી વધીને ૭૮,૩૨૪ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ટેક્સ દ્વારા થતી કમાણીમાં માત્ર ૫.૪૫% નો વધારો થયો છે, જે રાજ્યના રોકેટ ગતિએ વધતા ખર્ચ સામે ઘણો ઓછો છે. તમિલનાડુનું દેવું તેના ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ ના ૨૮.૩% એ પહોંચી ગયું છે.

# ઉદ્ધવ જૂથના સાંસદોને ખરીદવા ૧૫ કરોડની ઓફર કરવામાં આવી હોવાનો સંજય રાઉતનો દાવો

મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી ગરમાવો આવી ગયો છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં મોટું ભંગાણ થવા જઈ રહ્યું હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. ઉદ્ધવના ૯માંથી ૬ સાંસદ બળવાખોર બનવાના મૂડમાં છે. યુબીટી સાંસદ સંજય રાઉતે મોટો દાવો કર્યો છે. રાઉતે દેવેન્દ્ર ફડણવીસને ટેગ કરીને દાવો કર્યો છે કે ઉદ્ધવ જૂથના સાંસદોને ૧૫-૧૫ કરોડની ઓફર આપવામાં આવી રહી છે. યુબિટીના ઘણાં સાંસદોના ફોન સ્વીચ ઓફ આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૬ થી ૭ સાંસદો એકનાથ શિંદે જૂથમાં સામેલ થઈ શકે છે.

અગાઉ શિવસેના (શિંદે) નેતા પ્રતાપ સરનાઈકે સંકેત આપ્યો હતો કે અમારી પાર્ટીમાં બળવાખોર સાંસદોનું સ્વાગત કરવામાં આવશે. સરનાઈકના સંકેતોથી ઉદ્ધવ જૂથમાં વિદ્રોહની સંભાવનાને બળ મળ્યું હતું. સંજય રાઉત દિલ્હી પહોંચ્યા ત્યારે જ ઉદ્ધવ જૂથના સાંસદોના પક્ષ પલટાની ચર્ચાઓ શરુ થઈ ગઈ હતી.

એવું માનવામાં આવતું હતું કે રાઉત શિવસેનાના બાગી ૯ સાંસદો દ્વારા અલગ સમૂહ બનાવવાની સંભાવનાને રોકવા માટે લોકસભા અધ્યક્ષ બિરલા સાથે મુલાકાત કરી શકે છે.

# દરિયાઈ વેપારને જીવંત રાખવા નાવિકોની સુરક્ષા જરૂરી : મોદી

## પીએમ મોદીએ ઓમાનની ખાડીમાં ભારતીય નાવિકોના મૃત્યુનો મુદ્દો ઉઠાવ્યો : વૈશ્વિક મંચ પર પરસ્પરનો વિશ્વાસ જ મુખ્ય સંપતિ ગણાવી

નવી દિલ્હી

વડાપ્રધાન મોદીએ ઓમાનની ખાડીમાં અમેરિકી સેનાના હુમલામાં ત્રણ ભારતીય નાવિકોના શહીદ થવાનો મુદ્દો ભારતે આંતરરાષ્ટ્રીય મંચ પર ખૂબ જ મજબૂતાઈથી ઉઠાવ્યો છે. ફ્રાન્સના એવિયાન શહેરમાં યોજાયેલી જી-૭ શિખર સંમેલનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વના ટોચના નેતાઓ સમક્ષ આ ગંભીર મામલો રજૂ કર્યો હતો. આ મુદ્દે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત ચર્ચા કરશે કે કેમ તે અંગે અનેક સવાલો થઈ રહ્યાં હતાં, આખરે આ મુદ્દે ભારતે પોતાનો પક્ષ રાખી સવાલ કર્યો છે. પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, વૈશ્વિક દરિયાઈ વેપારને જીવંત રાખતા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ આપણા તમામ દેશોની સામૂહિક જવાબદારી છે. જી-૭ સમિટના સંપર્ક સત્રને સંબોધિત કરતા વડા પ્રધાન મોદીએ કહ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ વેપારમાં આવી રહેલા અવરોધોને કારણે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને મોટું નુકસાન થયું છે. આ તણાવ અને સંઘર્ષના કારણે કેટલાય નિર્દોષ ભારતીય નાગરિકોએ પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. પીએમ નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, આપણે એવું વાતાવરણ ઊભું કરવું પડશે જ્યાં આપણા નાવિકો કોઈ પણ પ્રકારના ડર કે ભય વિના સુરક્ષિત રીતે પોતાનું કામ કરી શકે. એટલું જ નહીં પરંતુ ‘નવી ભાગીદારી તૈયાર કરવા અને આંતરરાષ્ટ્રીય એકતાને ફરીથી બેઠી કરવા’ના વિષય પર આયોજિત આ સત્રમાં પીએમ મોદીએ પરસ્પર વિશ્વાસ પર ભાર મૂક્યો હતો.

વધુમાં પીએમ મોદીએ કહ્યું કે, ‘આજના યુગમાં સૌથી મોટી વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટેક્નોલોજી કે બજાર નથી, પરંતુ પરસ્પર વિશ્વાસ છે.

# વડોદરામાં ખાનગી ટ્રાવેલ્સની બસ અને ટ્રક વચ્ચે અકસ્માતમાં ૬ વ્યક્તિના મોત

## રાજસ્થાનના બાસવાડાથી સુરત જઈ રહેલી બસના ચાલકે ટ્રકને પાછળથી ટક્કર મારી : ૨૦ થી વધુ મુસાફરોને થઈ ઈજા

વડોદરા

વડોદરા શહેરના રોડ રસ્તા રક્તરંજિત થવાનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે ટક્કરમાં ૦૬ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. મૃતકમાં એક ૦૯ વર્ષનું બાળક પણ છે. બસના ચાલકે આગળ જઈ રહેલી ટ્રકને પાછળથી જોરદાર ટક્કર મારતાં આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અકસ્માત અંગે મળતી વિગત પ્રમાણે રાજસ્થાનના બાસવાડાથી બસ સુરત જતી હતી. બસ વડોદરાના કોટંબી સ્ટેડિયમ પાસેથી પસાર થતી હતી ત્યારે બસના ચાલકે આગળ ઉભેલી ટ્રકને ટક્કર મારી હતી. અકસ્માતના કારણે ૦૬ લોકોનાં મૃત્યુ નીપજ્યા હતા, જ્યારે ૨૬ લોકો ઘાયલ થયા છે. ટ્રકમાં પશુ દાણ ભરેલો હતો. અકસ્માતમાં લક્ઝરી બસના કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતના કારણે હાલોલથી આવતા માર્ગ પર ટ્રાફિક જામ સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જ ફાયરબ્રિગેડ સહિત એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ સ્થળ પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘટના અંગે વડોદરાના ડેપ્યુટી મેયર આદિત્ય પટેલે જણાવ્યું કે, આજે સવારે ૩.૩૦ થી ૪.૩૦ વચ્ચે રાજસ્થાનથી સુરત જતી બસ કોટંબી સ્ટેડિયમ પાસે ઉભેલી ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ ખૂબ જ ગંભીર અકસ્માત છે. પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી છે અને સારવારના સંદર્ભે જરૂરી સારવાર મળી શકે તે માટે ગાડીઓ પણ પહોંચી છે.

જે દર્દીઓને સ્થળ પર પ્રાથિક સારવાર આપી શકાય તેમને ત્યાં જ અપાઈ હતી. ગંભીર રીતે ઘવાયેલા દર્દીઓ અને મૃતકોને એસએસજી હૉસ્પિટલ ખાતે લવાયા છે.



# દ્વારકા જિલ્લામાં યોગ દિવસ ઉજવણી માટે બેઠક યોજાઈ



દ્વારકા : આગામી તા.૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવનાર છે, જેના ઉપલક્ષમાં દેવભૂમિ દ્વારકજ્ઞ જણાવ્યું હતું. ઉપરાંત જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે થનાર કાર્યક્રમો અંગે વિગતો મેળવી સમીક્ષા કરી હતી.

જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લાના વિવિધ આયોજનોની વિગત આપતા જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાનો કાર્યક્રમ ખંભાળિયા નજીક પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. ખંભાળિયા તાલુકા અને નગરપાલિકાનો સંયુક્ત કાર્યક્રમ આર.એન.વારોતરીયા છાત્રાલય ખાતે, ભાણવડનો કાર્યક્રમ પુરુષાર્થ શૈક્ષણિક સંકુલ ખાતે, દ્વારકાનો કાર્યક્રમ એન.ડી.એચ.હાઈસ્કુલ ખાતે, કલ્યાણપુર તાલુકાનો કાર્યક્રમ એલ.એન.પી. સ્કૂલ, ભાટિયા યોજાશે. સલાયા નગરપાલિકાનો કાર્યક્રમ સલાયા માધ્યમિક શાળા ખાતે, રાવલ નગરપાલિકાનો કાર્યક્રમ એચ.જી.એલ. હાઈસ્કુલ ખાતે, ઓખા નગરપાલિકાનો કાર્યક્રમ નગર પંચાયત હાઈસ્કુલ ખાતે યોજાશે. આ ઉપરાંત તમામ પોલીસ સ્ટેશનો, શાળાઓ ખાતે પણ યોગ દિવસ ઉપક્રમે કાર્યક્રમો યોજાશે.

આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી હેતલ જોષી, નિવાસી અધિક કલેક્ટર એમ.વી. દેસાઈ, પ્રાંત અધિકારી કે.કે.કરમટા અને અન્ય સંબંધિત અધિકારીઓ જોડાયા હતા. નોંધનીય છે કે, વડાપ્રધાનના પ્રયાસોના પરિણામરૂપે ૨૧ જૂનને વિશ્વ યોગ દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. આ દિવસે યોગમાં જોડાઈને નાગરિકો ભારતની સાંસ્કૃતિક ધરોહર સમાન યોગ સાથે જોડાઈને તેને રોજિંદા જીવનમાં અપનાવવા પ્રેરિત થાય છે.

## જામનગરમાં ચેક રીટર્નના બે કેસમાં આરોપીને બે વર્ષની સજા અને દંડ

જામનગર : જામનગરમાં ચેક પરત ફરવા અંગેની બે ફરિયાદમાં અદાલતે આરોપીને બે વર્ષની સજાનો હુકમ કર્યો છે.

જામનગરના આશિફ હોદેદાર મકરાણી તેમના દ્વારકામાં રહેતા મિત્ર પિંજારા યુનુસ ઈબ્રાહીમ નામના યુવકને રૂા.૪,૦૦,૦૦ હાથ ઉછીના ધંધાકીય જરૂરીયાત માટે મિત્રતાના સબંધમાં હાથ ઉછીના આપેલ અને તેની પરત ચુકવણી માટે ચેક આપેલ હતો. જે ચેક આશિફ હોદેદાર મકરાણી ધ્વારા પાકતી મુદતે પોતાના ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના શેરા સાથે ચેક પરત ફરેલ. જે અંગે આશિફ હોદેદાર મકરાણી ધ્વારા પિંજારા યુનુસ ઈબ્રાહીમ વિરૂધ્ધ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ અન્વયે કોર્ટ સમક્ષ બે ફરીયાદ દાખલ કરેલ.

જે કેસ ચાલી જતા કોર્ટ સમક્ષ ફરીયાદીના વકીલ ધ્વારા કરવામાં આવેલ ધારદલીલ તેમજ રેકર્ડ પર આવેલ પુરાવા તેમજ હાયર ઓથોરીટીના ચુકાદા ધ્યાને લઈ આરોપી પિંજારા યુનુસ ઈબ્રાહીમ વિરૂધ્ધ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ મુજબના કેસમાં તકસીરવાન ઠરાવી આરોપીને કુલ ૨ વર્ષની સજા તેમજ ચેકની રકમ રૂા.૪,૦૦,૦૦૦ નો દંડ ફરીયાદીને વળતર તરીકે ચુકવી આપવા તેમજ જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૬ માસની કેદની સજા કરતો હુકમ બી.આર.દવે ધ્વારા કરવામાં આવ્યો છે, ફરીયાદી તરફે વકીલ રવિ એચ. સોલંકી તથા મેહુલ જી. સૌદરવા રોકાયા હતા.

## જામજોધપુર તાલુકાની વિવિધ શાળાઓમાં સંચાલક અને રસોઈયાની ભરતી જોગ

જામનગર : મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કચેરી, જામજોધપુર દ્વારા જામજોધપુર તાલુકાની વિવિધ સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ યોજના (પી.એમ. પોષણ યોજના) અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે કેન્દ્ર સંચાલક અને રસોઈયાની ખાલી જગ્યાઓ ભરવા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવી છે.

યોજનાના અસરકારક અમલીકરણ અને વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત મધ્યાહ્ન ભોજન મળી રહે તે હેતુસર તાલુકાની ૨૦ શાળાઓમાં એક-એક જગ્યાની ભરતી કરવામાં આવશે. જેમાં તાલુકા શાળા-૧ જામજોધપુર, આંકડીયા અવાસ-૨ પ્રાથમિક શાળા, પાટણ પ્રાથમિક શાળા, પાટણ વાડી પ્રાથમિક શાળા, ગાંઠીલા પ્રાથમિક શાળા, વીરપુર પ્રાથમિક શાળા, નાંદાણા પ્રાથમિક શાળા, ઈશ્વરિયા પ્રાથમિક શાળા, ગઢકા પ્રાથમિક શાળા, શેડકડીયા પ્રાથમિક શાળા, જામ આંકડીયા પ્રાથમિક શાળા, ડોડીમરડી નરી પ્રાથમિક શાળા, ગોપાલિયા નરી પ્રાથમિક શાળા, પાનખાણ નરી પ્રાથમિક શાળા, મોટાવડા પ્રાથમિક શાળા, ધુડકા પ્રાથમિક શાળા, સરજર નરી પ્રાથમિક શાળા, ભલારણશા પ્રાથમિક શાળા, વીરપુર વાડી શાળા તથા ગઢકા વાડી શાળા ખાતે પ્રત્યેક શાળામાં ૧-૧ ખાલી જગ્યા ઉપલબ્ધ છે.

ભરતી માટે ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. તથા ગુનાહિત કૃત્ય ન ધરાવતા અરજદારો જરૂરી પ્રમાણપત્રો અને આધાર પુરાવાઓ સાથે નિયત અરજીપત્રક ભરીને તા. ૨૦ જૂન, સુધી મામલતદાર કચેરી ખાતે અરજી કરવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ પ્રાપ્ત થતી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અરજદારોના દસ્તાવેજોની ચકાસણી અને ઈન્ટરવ્યૂ તા. ૨૫ જૂનના રોજ સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, જામજોધપુર ખાતે યોજાશે. ઉમેદવારોએ તમામ મૂળ દસ્તાવેજો સાથે ફરજિયાત હાજર રહેવાનું રહેશે. હાજર ન રહેનાર ઉમેદવારની અરજી ધ્યાને લેવામાં આવશે નહીં. તેમ જામજોધપુર મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જામનગર સંધી મુસ્લિમ સમાજના વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો, ૪૧૫ વિદ્યાર્થીઓનું બહુમાન




જામનગર : જામનગર શહેર સંધી મુસ્લિમ સમાજ ટ્રસ્ટ દ્વારા ટાઉનહોલ ઓડિટોરિયમ ખાતે "આપણો સમાજ, આપણી ઓળખ"ના સૂત્ર સાથે વિદ્યાર્થી સન્માન સમારોહ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના કુલ ૪૧૫ તેજસ્વી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડો. રજાકભાઈ હિંગોરા, હાજી મહમદભાઈ સમા, સેઝાન ચૌહાણ, મેરુનબેન દલ, અસરફ નોયડા, શકીલભાઈ નોયડા, મુબારક મંધરા, જાહિદ મહમદ નોયડા, શેરમહમદભાઈ નોયડા, મકસુદભાઈ નોયડા તેમજ ઈકબાલભાઈ હાલા, હાજીભાઈ હિંગોરા, ઈદ્રીશભાઈ ભટ્ટી, ફિરોજભાઈ સોઢા, અનવરભાઈ ગજ્જણ, એડવોકેટ દાઉદભાઈ સમા, અહેમદભાઈ દલ, અબ્દુલ રહેમાનભાઈ સોઢા, ઈરફાનભાઈ હાલા, પૂર્વ કોર્પોરેટર ફેમીદાબેન જુણેજા, રોજમીનબેન સમા, મેરુનબેન દલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓને શિક્ષણ, કારકિર્દી અને સમાજસેવાના ક્ષેત્રે આગળ વધવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સમાજના ૮ દીકરા-દીકરીઓએ શિક્ષણ અને સામાજિક જવાબદારીઓ અંગે પ્રેરણાત્મક સંબોધન કરીને ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા. તેમના વિચારોને શ્રોતાઓએ તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અલ્વીરાબેન સમા, રમઝાનભાઈ નોયડા (એનજીઓ માસ્ટર ટ્રેનર, SIRD-SPIPA) અને જાહિદભાઈ નોયડા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ હાજી રિઝવાન જુણેજાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "શિક્ષણ એ સમાજના વિકાસનું સૌથી શક્તિશાળી સાધન છે. આજે ૪૧૫ વિદ્યાર્થીઓનું સન્માન કરીને સમાજની નવી પેઢીને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ટ્રસ્ટ દ્વારા પારદર્શિતા જળવાઈ રહે તે માટે છેલ્લા ત્રણ વર્ષના હિસાબો અને વિવિધ કામગીરીનો અહેવાલ પણ સમાજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. સમાજના સહકારથી ભવિષ્યમાં પણ આવા લોકહિતના કાર્યો ચાલુ રહેશે."

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ હાજી રીઝવાનભાઈ જુણેજાના માર્ગદર્શન હેઠળ સેક્રેટરી શકીલભાઈ સમા, હાજીઈરફાનભાઈ નોયડા, હુશેનભાઈ નોયડા, હાજી હસનભાઈ કુરેશી, રહીમભાઈ સોઢા, મકસુદભાઈ સોઢા, ઈમરાનભાઈ જોખીયા, અયુબભાઈ જોખીયા, શબિરભાઈ ચૌહાણ, આકિબભાઈ જોખીયા, સાહિલભાઈ જોખીયા, સાહિલભાઈ કુરેશી સહિતના ટ્રસ્ટીઓ અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં ટ્રસ્ટ દ્વારા તમામ મહેમાનો, આગેવાનો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સમાજજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સમાજ વધુ શિક્ષિત, સંગઠિત અને પ્રગતિશીલ બને તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. "શિક્ષિત સમાજ, સંગઠિત સમાજ એ જ ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે."

## દ્વારકા જિલ્લામાં તા. ૨૩ થી ૨૫ જૂન સુધી શાળા પ્રવેશોત્સવની કરાશે ઉજવણી

દ્વારકા : આગામી તા.૨૩ થી ૨૫ જૂન દરમ્યાન સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ યોજાનાર છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધ શાળાઓમાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે, જેના સુચારુ આયોજન અને પૂર્વતૈયારીઓ અંગે કલેકટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરએ ડ્રોપ આઉટ બાળકોના પૂન: એડમિશન માટે કરાયેલ સર્વે અને રે સર્વે કામગીરીને બિરદાવી હતી અને પ્રવેશોત્સવ અંતર્ગત વિવિધ રૂટ અને અન્ય પૂર્વતૈયારીઓ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાલવાટિકામાં ૩૦૨૦ કન્યા અને ૩૦૨૭ કુમાર મળીને કુલ ૬૦૨૭ વિદ્યાર્થીઓ, ધોરણ એક માં ૨૮૫ કન્યા અને ૨૭૭ કુમાર મળીને ૫૬૧ વિદ્યાર્થીઓ, ધોરણ ૯માં ૨૪૮૫ કન્યા અને ૨૫૭૮ કુમાર મળીને કુલ ૫૦૬૩ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે.

## જામનગરમાં ચેક પરત કેસમાં આરોપી સામે બિન જામીન લાયક વોરંટ કાઢવા હુકમ

લાલપુર : લાલપુર તાલુકામાં ભાલારાડાડા ગામથી ભોડેશ્વર તરફ જતાં માર્ગ પર આવેલી પોતાની વાડીએ એક ખેડૂતે ઝેરી દવા પી આપઘાત કરી લીધાનો બનાવ પોલીસ દફતરે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ લાલપુર શહેરમાં કો-ઓપરેટિવ બેંક નજીક રહેતા ૫૫ વર્ષીય અશોકભાઈ જેન્તીભાઈ રાબડીયા લાંબા સમયથી જમીનના હક્ક-હિસ્સા બાબતે ચાલી રહેલા વિવાદથી પરેશાન હતા. દરમ્યાન તેમણે પોતાની વાડીએ જઈ ઝેરી દવા પી લેતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડેલ જ્યાં સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે કૃતિબેન રાબડીયાએ પોલીસને જાણ કરતા લાલપુર પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## સોમવતી અમાસ નિમિત્તે ઉપાસના પ્રતિષ્ઠાન દ્વારા ગરીબ બાળકો સાથે ઉજવણી



જામનગર : સોમવતી અમાસના પાવન અવસરે ઉપાસના પ્રતિષ્ઠાન દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો સાથે વિશેષ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાતા નટવરલાલ સરૂપચંદ ઠક્કર તથા હંસાબેન નટવરલાલ ઠક્કરના સૌજન્યથી બાળકોને તેમના મનપસંદ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વેદમંત્ર ગાયત્રી મંત્રના જપ સાથે સોમવતી અમાસની ભાવપૂર્ણ અને સંસ્કારમય ઉજવણી કરવામાં આવી હતી. બાળકોમાં સારા સંસ્કારો, માનવતા અને ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન થાય તે હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપાસના પ્રતિષ્ઠાન દ્વારા દાતાશ્રીઓના સેવાભાવી સહયોગ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## જામનગર જિલ્લાના દરિયાકાંઠે મરીન કમાન્ડોનું સઘન ચેકિંગ




જામનગર : આતંકવાદી ઘૂસણખોરી, હથિયારોની હેરાફેરી, નશીલા પદાર્થોનો વેપાર અથવા દેશવિરોધી કાવતરાઓને રોકવા માટે સુરક્ષા તંત્ર સતત સક્રિય છે.

આજ અભિગમને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સલામતી, જાહેર વ્યવસ્થા અને દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા જામનગર જિલ્લાના વિવિધ દરિયાકાંઠા વિસ્તારોમાં વિશેષ "સઘન કોસ્ટલ પેટ્રોલિંગ" અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ગત તા. ૧૬ જૂનના રોજ યોજાયેલા આ વિશેષ ઓપરેશનનો મુખ્ય હેતુ દરિયાઈ માર્ગો મારફતે થતી કોઈપણ ગેરકાયદેસર, અસામાજિક, આતંકવાદી અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓને અટકાવવાનો હતો.

જામનગર જિલ્લો ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ દરિયાકાંઠા વિસ્તારોમાંનો એક ગણાય છે. અહી આવેલા બંદરો, ઉદ્યોગો, ઓઈલ ટર્મિનલ, જેટીઓ અને અન્ય વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્થાપનોને કારણે આ વિસ્તાર સુરક્ષા એજન્સીઓ માટે સતત પ્રાથમિકતા ધરાવે છે. જામનગરનો દરિયાકાંઠો માત્ર માછીમારી માટે જ નહીં પરંતુ ઔદ્યોગિક અને વ્યાપારી દ્દષ્ટિએ પણ અત્યંત મહત્વનો હોવાથી અહીં સુરક્ષામાં કોઈપણ પ્રકારની બેદરકારી ગંભીર પરિણામો લાવી શકે છે.

એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના નાયબ પોલીસ મહાનિરીક્ષક એ. એમ. મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ, હજીરાના પોલીસ અધિક્ષક એસ. જે. પરમારના નેતૃત્વ હેઠળ આ વિશેષ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જામનગર સેક્ટરના પોલીસ ઈન્સ્પેક્ટર ધરમવીર આર. યાદવ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જી. એમ. બોપલિયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી. એચ. જાડેજા સહિત મરીન કમાન્ડોની ટીમોએ સમગ્ર ઓપરેશનનું આયોજન અને અમલીકરણ કર્યું હતું.

વિશેષ પેટ્રોલિંગ દરમિયાન જોડીયા, બાલાચડી, સચાણા જેટી તેમજ આસપાસના સમગ્ર દરિયાકાંઠા વિસ્તારમાં પગપાળા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે દરિયાઈ સુરક્ષા માટે બોટ પેટ્રોલિંગ, વાહન પેટ્રોલિંગ અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ આ વખતે મરીન કમાન્ડોએ ફૂટ પેટ્રોલિંગ દ્વારા દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોની નજીકથી ચકાસણી કરી હતી.મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો બનાવી વિવિધ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી હતી. દરેક ટીમને ચોક્કસ વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી હતી. પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ વ્યક્તિઓ, અજાણી હિલચાલ, શંકાસ્પદ બોટો અને દરિયાઈ માર્ગોથી થતી પ્રવૃત્તિઓ પર ખાસ નજર રાખવામાં આવી હતી.

# ધતુરિયા ગામે 'જનકલ્યાણ શિબિર' યોજાઈ




દ્વારકા : દેવભૂમી દ્વારકા જિલ્લામાં ધતુરિયા જિલ્લા પંચાયત બેઠક હેઠળ ઉચ્ચતર માધ્યમિક શાળા રાજપરા ખાતે "૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના, જનપ કલ્યાણના" અને વિકસિત ભારત સંકલ્પજ૨૦૨૭ની ઉજવણીરૂપે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરમાં મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંજૂરી પત્રો, પ્રમાણપત્રો તથા સહાયના લાભો અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત નાગરિકોએ રાજ્ય અને કેન્દ્ર સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી મેળવી અને વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.

આ શિબિરમાં લાભાર્થીઓને પીએમ સૂર્ય ઘર યોજના, વ્હાલી દીકરી યોજના, લખપતિ દીદી યોજના, કુંવરબાઈનું મામેરું યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના, પીએમ કિસાન યોજના, ફાર્મર રજિસ્ટ્રેશન, તાર ફેન્સિંગ યોજના, સ્માર્ટ ફોન સહાય યોજના, નમોશ્રી યોજના, પી.એમ.જે.એ.વાય. યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગો માટેની આર્થિક સહાય યોજના, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, મુખ્યમંત્રી લક્ષ્મી યોજના, આધાર કાર્ડ સેવા સહિત અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો તથા સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે મામલતદાર આર.એચ.સુવા, તાલુકા વિકાસ અધિકારી ગૌરવ પરમાર સહિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને એક જ દિવસમાં બબ્બે સુકામેવાના મનોરથ



દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે તેમજ સાંજે ઠાકોરજીના ઉત્થાપન સમયે એમ એક જ દિવસમાં બબ્બે સુકા મેવા મનોરથ યોજવામાં આવ્યા હતા. સવારે મંગળવારના પીળા વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા સાંજે ગ્રીષ્મકાલીન પુષ્પ શૃંગાર તેમજ બંને સમયે મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

# જામનગર શહેરમાં કલાત્મક તાજિયા બનાવવાનું કાર્ય પૂરજોશમાં




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : મહોરમથી જ ઈસ્લામના નવા વર્ષનો આરંભ થાય છે. આ વખતે ઈસ્લામના ૧૪૪૮ માં વર્ષનો પ્રારંભ થયો છે. મુસ્લિમ બિરાદરો દ્વારા 'હઝરત ઈમામહુસૈન સાહેબ' ની શહાદતની યાદમાં મહોર્રમ માસ દરમ્યાન કલાત્મક તાજિયા બનાવી માતમ મનાવવામાં આવે છે. મહોરમ માસ દરમ્યાન

જામનગર શહેરમાં કલાત્મક તાજિયા બનાવામાં આવે છે. જામનગર શહેરનો પ્રખ્યાત "ચાંદી" નો તાજીયો તેમજ "અમી ધૂળધોયા" નો તાજીયો વિશ્વભરમાં વિખ્યાત છે. ત્યારે, જામનગરમાં અલગ-અલગ વિસ્તારમાં કલાત્મક તાજીયા બનાવવાની કામગીરી જોરશોર થી ચાલી રહી છે એક-એક તાજિયા માટે અંદાજે દોઢથી બે લાખનો ખર્ચ થતો હોઈ છે, અને યુવાનો દિવસ રાત જોયા વગર છેલ્લા દોઢેક માસ થી તાજીયા બનાવાની તૈયારી કરતા હોય છે.

જામનગર શહેરમાં પરવાનાવાળા તાજીયા કુલ ૪૨ છે, અને બીજા અનેક તાજિયાઓ મુસ્લિમ સમાજના યુવાનો દ્વારા કલાત્મક રીતે બનાવવામાં આવે છે. મુખ્યત્વે તાજીયામાં લાકડું અને થર્મોકોલનો ઉપયોગ થતો હોય છે. તાજીયાની ડિઝાઈન માટે બાદમાં તેમાં અલગ-અલગ કલરનો ઉપયોગ કરવામાં આવે છે. તાજીયાને લાઈટિંગ કામ માટે હાલમાં એલ.ઈ.ડી, બોલ્ડ અને સીરિઝથી સુશોભિત કરવામાં આવે છે. તાજીયા સંચાલકો દ્વારા સતત એકથી દોઢ મહિનાની જહેમતથી તાજીયાનું કામ પૂર્ણ થતું હોય છે, તેનો પ્રારંભ થય ગયો છે.

## જામ્યુકોમાં બોમ્બની ધમકી ખોટી સાબિત થઈ, કચેરીનું કામ શરૂ કરાયું



જામનગર : જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં બોમ્બ મુક્યાની ધમકી આપતો ઈ-મેલ મળ્યા બાદ સર્જાયેલી દોડધામનો અંતે સુખદ અંત આવ્યો છે. વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા કલાકો સુધી ચાલેલી સઘન તપાસ બાદ સમગ્ર મહાનગરપાલિકા બિલ્ડિંગ અને આસપાસનો વિસ્તાર સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. લાંબા સમય સુધી ચાલેલી તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારની શંકાસ્પદ વસ્તુ, વિસ્ફોટક સામગ્રી કે જોખમી પદાર્થ મળી આવ્યો નહોતો. ત્યારબાદ સુરક્ષા એજન્સીઓએ સમગ્ર બિલ્ડિંગને સંપૂર્ણ સુરક્ષિત જાહેર કરી હતી.

## ટ્રકની છેતરપિંડીના ગુનામાં બે વર્ષથી ફરાર શખ્સ ઝડપાયો



જામનગર : ટ્રકની છેતરપિંડીના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસ્તા-ફરતા પોરબંદર જિલ્લાના એક શખ્સને જામનગર એલસીબી પોલીસે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના લધાધારનેસ ખાતે રહેતા જગાભાઈ સુકાભાઈ મોરી નામના શખ્સ સામે સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળ ખટારાની છેતરપિંડીના મામલે ફરિયાદ નોંધાઈ હતી જે છેલ્લા બે વર્ષથી નાસ્તો - ફરતો હોય આથી બાતમીના આધારે એલસીબી પોલીસ જામનગરે તેની ચોટીલા નજીક હાઈવે રોડ પરથી અટકાયત કરી આગળની કાર્યવાહી માટે સિટી બી ડિવિઝન પોલીસ દફતરે સોંપી દીધો હતો.

## દરેડ પાસેથી દેશી દારૂના જથ્થા સાથે કાર ચાલક ઝડપાયો : અન્ય ત્રણ ફરાર


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના દરેડ હાઈવે પરથી સ્થાનિક પોલીસે બાતમીના આધારે પસાર થતી એક કારને રોકાવી તલાસી લેતા તેમાંથી દેશી દારૂનો જથ્થો મળી આવતા એક શખ્સને પકડી પાડી ૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે અન્ય ત્રણ શખ્સની સંડોવણી ખુલતા તમામ સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી મુજબ દરેડ ગામે આવેલ એફ સી આઇ ગોડાઉન પાસે ખોડલ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સામેના રોડ પરથી જી. જે. ૧૦ ડી. જે. ૬૯૩૮ નંબરની ઈકો કાર પસાર થતી હોઈ જેને પંચકોશી બી ડિવિઝન પોલીસે રોકી તલાસી લેતા તેમાંથી રૂ. ૧ લાખની કિંમતનો ૫૦૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવતા દેશી દારૂ અને ૩ લાખની ઈકો કાર સહિત કુલમળી રૂ. ૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને ચાલક વિજય ડાયાભાઈ રાતડીયા નામના શખ્સની ધરપકડ કરી હતી જ્યારે દારૂનો જથ્થો મંગાવનાર નદીમ અને જથ્થો સપ્લાય કરનાર બાલુ કોડિયાતર તેમજ કારમાં સવાર વી. ડી. કોળી નામનો શખ્સ નાસી જતા તમામની શોધખોળ હાથ ધરી છે.

## જામનગર શહેરમાં રીક્ષા અને ત્રણ ચોરાઉ બાઈક સાથે શખ્સ ઝડપાયો


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં વધતા જતા વાહન ચોરીના બનાવો વચ્ચે સિટી સી ડિવિઝન પોલીસે એક આરોપીને દબોચી લઈ ૩ બાઈક અને એક સી.એન.જી. રિક્ષા સહિત ચાર વાહન ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. આરોપી પાસેથી રૂ.એક લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

જામનગર સિટી સી ડિવિઝન સર્વેલન્સ સ્ટાફ વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા જહેમત ઉઠાવી રહ્યો હતો. તેવામાં પોલીસને બાતમી મળી કે, શહેરના ધરારનગર આવાસ પાસે રોડ ઉપરથી એક શખ્સ ચોરાઉ બાઈક સાથે પસાર થઈ રહ્યો છે. જેના આધારે પોલીસે નજર રાખી, આરોપી વિશાલ રાજુભાઈ ચાવડા (રહે. ગોકુલનગર, શિવનગર-૦૨,મુળ ગામ ભીંડા તા.ખંભાળીયા) ને પકડી પાડ્યો હતો. પોલીસની આકરી પૂછપરછ દરમિયાન અન્ય ગુનાનો ભેદ ઉકેલાયો હતો. વિશાલ પાસેથી જામનગર સિટી બી અને સિટી સી વિસ્તારમાંથી ચોરાયેલા બે બાઈક સહિત ૩ બાઈક અને એક સીએનજી રિક્ષા સહિત કુલ રૂ. ૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

## છેતરપિંડીના ગુન્હામાં ૧૬ વર્ષથી નાસ્તો-ફરતો રાજસ્થાનનો શખ્સ ઝડપાયો



જામનગર : છેલ્લા ૧૬ વર્ષથી છેતરપિંડીના ગુન્હામાં નાસ્તા - ફરતા રાજસ્થાનના વેપારી શખ્સને દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે પકડી પાડી આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે રાજસ્થાનના જયપુર ખાતે રહેતા મહેશ આસનદાસ ધનવાણી નામના શખ્સ સામે ખંભાળિયા પોલીસ દફતરે છેતરપિંડી કરવા સબબ ગુન્હો દાખલ થયો હતો બાદ છેલ્લા ૧૬ વર્ષથી નાસ્તો - ફરતો આ શખ્સ જયપુરથી મળી આવતા દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે તેને પકડી પાડી આગળની કાર્યવાહી માટે ખંભાળિયા પોલીસ દફતરે સોંપી દીધો હતો.

## લાલપુર પંથકમાં બાળકી સાથે અડપલા કરનાર આરોપીને પાંચ વર્ષની જેલ

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના એક ગામમાં રહેતી સગીરાને તેના ઘરની સીડી પાસે રોકી લઈ બે વર્ષ પહેલાં એક શખ્સે અણછાજતા અડપલા કર્યા હતા તેની પોલીસમાં ફરિયાદ કરાતા પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો. તે કેસ ચાલી જતા અદાલતે આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. અને ભોગ બનનારને વળતર ચૂકવવા પણ અદાલતે આદેશ કર્યો છે.

લાલપુર પંથકમાં રહેતા એક પરિવારની સાડા અગિયાર વર્ષની પુત્રી ગઈ તા.૧૯-૭-૨૪ ના દિવસે શાળાએથી બપોરના સમયે છૂટ્યા પછી બેએક વાગ્યે સાયકલ પર ઘર તરફ જવા માટે નીકળ્યા પછી ઘર પાસે પહોંચી ત્યારે જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પર આવેલા મોટી ખાવડી ગામ નજીકના ગાગવાધાર ગામમાં રહેતા દિનેશ રામભાઈ વાઘોરા (ઉ.વ.૨૫) નામના શખ્સે તેણી પર નજર બગાડી હતી.

ત્યાં એક ઘર પાસે હાઉસકીપરનું કામ કરતા દિનેશે સીડી ચઢી રહેલી તરૂણીની પાછળ જઈ તેણી સાથે અણછાજતા અડપલા કરી હાથ પકડી લીધો હતો. ડરી ગયેલી તરૂણી દોડીને પોતાના ઘરમાં ચાલી ગઈ હતી અને તેણીએ માતાને વાત કરતા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી.આથી પોલીસે આરોપી સામે ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી.

આ કેસ પોક્સો કોર્ટ માં ચાલી જતા અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવીને પાંચ વર્ષની સજા અને રૂપિયા ૮૦૦૦નો દંડ ફટકાર્યો છે. તેમજ સગીરાને કોમ્પોન્સેશન માંથી રૂપિયા બે લાખનું વળતર ચૂકવવા પણ આદેશ કર્યો છે. આ કેસમાં સરકાર તરફ વકીલ ભારતીબેન વાદી રોકાયા હતા.

## જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યને બિલ્ડરે જાનથી મારી નાખવાની ધમકી આપી

જામનગર : જામનગર નજીક મસીતીયા ગામે રહેતા અને જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય કાસમભાઈ નુરમામદભાઈ ખફી (ઉ.વ. ૫૩) એ પોતાના પૂર્વ ભાગીદાર અશોકભાઈ દેવસીભાઈ અકબરી અને અન્ય સામે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ દરમિયાન કાસમભાઈ, તેમના પુત્ર જાવેદભાઈ તથા અન્ય ભાગીદારો સાથે મળીને જમીન ખરીદી, બિનખેતી કરાવી અને પ્લોટિંગ કરીને વેચાણનો વ્યવસાય કરતા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે ભાગીદારીના વ્યવહારો દરમિયાન ગ્રાહકો પાસેથી મળતી રોકડ રકમનો વહીવટ અશોકભાઈ અકબરી, નીલેશભાઈ અકબરી અને પલકભાઈ અકબરી સંભાળતા હતા. કાસમભાઈનો આક્ષેપ છે કે જમીનના હપ્તા ચૂકવવાનો સમય આવતા ભાગીદારીની મોટી રકમનો હિસાબ આપવામાં આવ્યો નહોતો. ત્યારબાદ જાણવા મળ્યું કે અશોકભાઈ અકબરી એમસીએક્સના સટ્ટામાં આશરે રૂપિયા૧૪.૫૦ કરોડ હારી ગયા હતા, અને ભાગીદારીની જમીનોની મૂળ ફાઈલો ગીરવે મૂકી દીધી હતી. બાદમાં અન્ય ભાગીદારોએ રકમ ભેગી કરીને દસ્તાવેજો છોડાવ્યા હતા.

આ મામલે ભાગીદારો વચ્ચે મતભેદ સર્જાતા બંને પક્ષો વચ્ચે વિવાદ વધ્યો હતો અને હાલ ભાગીદારીની મિલકતોને લઈને સિવિલ કોર્ટમાં કેસ પણ ચાલી રહ્યો છે. વધુમાં જણાવાયું છે કે તા. ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ તેમના સગા અલ્તાફભાઈ પતાણીએ અશોકભાઈ અકબરી દ્વારા કરવામાં આવેલી વાતચીતનો ઓડિયો સંભળાવ્યો હતો. આ ઓડિયોમાં અશોકભાઈએ કાસમભાઈને મારી નાખવાની ધમકીભરી વાતો કરી હોવાનો આરોપ છે.

ઓડિયોમાં કથિત રીતે "કાસમનું કામ પૂરું ન થાય તો છેલ્લે તેને મારી નાખીશ" જેવા શબ્દો બોલાયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આથી કાસમભાઈએ અશોકભાઈ અકબરી તથા તપાસ દરમિયાન નામ ખુલતા અન્ય જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે ફરિયાદ નોંધાવી છે.

## જામનગરમાં ચેક પરત કેસમાં ફરાર શખ્સને ઝડપી લઈ જેલ હવાલે



જામનગર : ચેક પરત કેસમાં સજા પામેલ અને એક વર્ષથી નાસ્તા - ફરતા સજા વોરંટના આરોપીને સિટી બી ડિવિઝન પોલીસે પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર શહેરમાં ગુલાબનગર વિસ્તારમાં સંસ્કાર મેડિકલ, બસ સ્ટેન્ડવાળો ઢાળીયો ખાતે રહેતા અમન ચંદ્રેશભાઇ ગોહેલ નામના શખ્સ સામે ચેક પરત કેસમાં વોરંટ જારી થયું હોઈ અને સજા પામેલ હોઈ જે છેલ્લા એક વર્ષથી નાસ્તો - ફરતો હોય સિટી બી ડિવિઝન પોલીસે તેને ઘરે તપાસ કરી ઝડપી લઇ રજૂ કરતા અદાલતે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

## દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિના ભૂલકાઓએ જીગ્નેશ દાદાના આશીર્વાદ મેળવ્યા




દ્વારકા : યાત્રાધામ દ્વારકા માં સનાતન સેવા મંડળ ખાતે ચગ પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહ માં દ્વારકા શ્રી ગુગલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા આયોજિત સંસ્કૃત વર્ગ ના ભૂલકાઓએ વ્યાસપીઠ પર બિરાજમાન જીગ્નેશ દાદાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા તેમજ સંસ્કૃત વર્ગના આચાર્ય સન્નીભાઈ પુરોહિત દ્વારા વ્યાસ પૂજન કરવામાં આવ્યું.

## જામનગરમાં મોડીરાત્રે વરસાદી ઝાપટાં બાદ ઠંડક


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ યથાવત જોવા મળી રહ્યો છે. ગઈકાલે મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો આવતા શહેરના વિવિધ વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં વરસ્યા હતા. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

ગઈકાલે મોડી રાત્રે પડેલા ઝાપટાં બાદ આજે સવારથી જ આકાશમાં ઘેરા વાદળો છવાયેલા જોવા મળ્યા હતા. દરિયાકાંઠા વિસ્તારોમાં પણ વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. જોકે આકાશ ગોરંભાયેલું હોવા છતાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી લોકોને બફારાનો અનુભવ થયો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા રહેતાં ગરમી સાથે ઉકળાટનો અહેસાસ થયો હતો. જ્યારે પવનની ગતિ પ્રતિ કલાક ૧૩.૫ કિલોમીટર નોંધાઈ હતી.

## જામનગરમાં જોવા મળ્યું રેડ ફુટેડ બબી પક્ષી




જામનગર : સમગ્ર ભારતભરમાં જવલ્લેજ જોવા મળતું Red-footed booby (juvenile) લાલપગવાળો બુબી જામનગરમાં જોવા મળતા પક્ષીપ્રેમીઓમાં આનંદ જોવા મળી રહ્યો છે. સમગ્ર ભારતમાં જવલ્લેજ જ જોવા મળતું રેડ ફૂટેડ બુબી એટલે કે લાલપગ વાળો પક્ષી જામનગરના સચાણા નજીક અશકત હાલતમાં જોવા મળ્યું હતું, જામનગરના પક્ષીવિદ યશોધનભાઈ ભાટિયા અને આશિષભાઈ પાણખાણીયાને આ પક્ષી જોવા મળતા તેઓએ જામનગરના બર્ડમેન થી ઓળખાતા ફિરોઝખાન પઠાણનો સંપર્ક કરી તેમને આ પક્ષીને સારવાર કરવા માટે આપ્યું છે, ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડતા આ પક્ષીને જોવું પણ એક લાહવો છે, દરિયામાં ઉછળ કૂદ કરતી માછલીઓને હવામાં જ ઝડપી અને પોતાનો ખોરાક બનાવતું આપક્ષી ઝાડ ઉપર માળા બનાવે છે, પેસિફિક મહાસાગરમાં જોવા મળતું આ પક્ષી જામનગર નજીક દરિયા કિનારે જોવા મળતા જામનગરના પક્ષી પ્રેમીઓમાં અનેરો આનંદ જોવા મળી રહ્યો છે, હાલ આ પક્ષીની સારવાર કરવામાં આવી રહી છે પક્ષી સંપૂર્ણ સ્વસ્થ થતા તેમને ફરી તેમના કુદરતી વાતાવરણમાં છોડી મૂકવામાં આવશે.

(ફોટો સ્ટોરી : જગત રાવલ )

**DEVELOPMENT FEDERATION**
Kaushalya Bhavan, Plot No. - 90, GIDC Phase-2, Dared, Jamnagar. Mo. 8000730663

**SHORT QUOTATION NOTICE**

Dared Estate Infrastructure Development Federation Issue short quotation notice for the following work. Interested party may contact authorised person at registered office between office hours.

**DETAILS OF WORK**

1. Labour Work of Grinding and coloring of 864 poles in phase - 2.
2. Providing Material for 864 Poles in Phase - 2.
3. Labour work of Grinding and coloring of 936 poles in Phase - 3.
4. Providing Material for 936 Poles in Phase - 3.

From collection from Date : 18-06-2026
Form submission upto Date : 25-06-2026
(Between Office hours 10:00 AM to 06:00 PM)
Tender Fee 1,000.00
EMD 25,000.00
21 CHAIRMEN
Dared Estate Infrastructure Developement Federation

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ,**
**ટેન્ડર જાહેર નિવિદા નં. ૦૬,૦૭,૦૮/૨૦૨૬-૨૭**
**ટેન્ડર આઈડી.નં ક્રમસ: ૩૧૩૮૨૪, ૩૧૩૮૪૦, ૩૧૩૮૪૧**

કાર્યપાલક ઈજનેરશ્રી ગુજ.પા.પુ અને ગ.વ્ય.બોર્ડ, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ.ખંભાળીયા, "જલભવન" એસ.ટી. બસ સ્ટેશન રોડ, જી.વી.જે. સ્કૂલ પાસે, પંચવટી સોસાયટી-ખંભાળીયા ૩૬૧૩૦૫ ની કચેરીએથી ટેન્ડરો માન્ય ઠેકેદારો પાસેથી (૧) મરામત અને નિભાવણી કાર્યક્રમ અંતર્ગત દ્વારકા પેટાવિભાગ હસ્તકની ઓખામંડળ જુથ યોજનાનાં અનસેફ સ્ટ્રકસરોને (RCC ESR, સમ્પ, સ્ટાફ ક્વાટર, પમ્પહાઉસ) ડીમોલીશન કરવાના કામગીરીનું કામ.તાલુકો- કલ્યાણપુર અને ઓખામંડળ. જી.દેવભુમિ દ્વારકા. અંદાજીત રકમ રૂ. ૧,૧૯,૭૭૭/- (૨) મરામત અને નિભાવણી કાર્યક્રમ અંતર્ગત કલ્યાણપુર તાલુકાની રાવલ જુથ યોજનાના સુર્યાવદર હેડવર્કર્સ ખાતે આવેલ આર.સી.સી. સમ્પ (ક્ષમતા ૫.૫૦ લાખ લી.) તથા ઉંચી ટાંકી (ક્ષમતા ૨.૦૦ લાખ લી.) બન્ને જર્જરીત બાંધકામને ડિમોલીશન કરવાનું કામ. તાલુકો- કલ્યાણપુર જી. દેવભુમિ અંદાજીત રકમ રૂ. ૨૦,૧૫૨/- (૩) મરામત અને નિભાવણી કાર્યક્રમ અંતર્ગત ભાણવડ તાલુકાની વર્તુ-૨ જુથ યોજનાના ગુંદા ખાતે આવેલ ૨.૫૦ લાખ લી. ક્ષમતા તથા ૨૦ મી. ઉંચાઇની જર્જરીત ઉંચી ટાંકી ડીમોલીશન કરવાની કામગીરી. તાલુકો- ભાણવડ જી. દેવભુમિ દ્વારકા. (અંદાજીત રકમ રૂ.૧૨,૫૩૬/-) આ ટેન્ડર http://www.tender.nprocure.com વેબ સાઈટ પર જોવા મળશે.ટેન્ડર સબમીશન ની છેલ્લી તા. ૨૯/૦૬/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી રાખવામાં આવે છે જ્યારે ફિજીકલ ડોક્યુમેન્ટ સબમીશન ની છેલ્લી તા.૦૬/૦૭/૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી રજી.એડી/સ્પીડ પોસ્ટ સ્વીકારવામાં આવશે. આ કામ અંગેની જાણકારી ઉપર જણાવેલ કચેરી માંથી મેળવવાની રહેશે. કોઇ પણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અધીકાર આ કચેરીનો છે જેની નોંધ લેવી. હવે પછી ના તમામ સુધારા ફક્ત ઓનલાઇન પ્રસિધ્ધ કરવામાં આવશે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં.૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. નોધ:- ઓનલાઇન ટેન્ડર ભરનાર ઠેકેદાર રૂ. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ફોર્મ ૧૮ અને ૯ (અન્ડર ટેકીંગ ફોર્મ) નોટરી કરાવી અચુક સામેલ રાખવુ તેમજ અન્ય ફોર્મ સામેલ રાખવુ.

માહિતી-જામ.-વ.જા.ખ./૨૦૯/૨૦૨૬

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## યુદ્ધવિરામથી ભારતને રાહત

ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ માત્ર બે દેશો સુધી મર્યાદિત નથી રહેતો. પશ્ચિમ એશિયા વિશ્વની ઊર્જા વ્યવસ્થાનું કેન્દ્ર છે અને ત્યાં થતી કોઈપણ અસ્થિરતા સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા, વેપાર અને સુરક્ષાને અસર કરે છે. તેથી જો ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ અથવા તણાવમાં ઘટાડો થાય, તો ભારત માટે તે અનેક રીતે લાભદાયી સાબિત થઈ શકે છે. વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં સામેલ ભારત માટે પશ્ચિમ એશિયામાં શાંતિ એ માત્ર કૂટનીતિક સફળતા નથી, પરંતુ આર્થિક અને વ્યૂહાત્મક સ્થિરતાનો આધાર પણ છે.ભારત પોતાની ઊર્જાની જરૂરિયાતોનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂર્ણ કરે છે. ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસનો મોટો જથ્થો પશ્ચિમ એશિયાના દેશોમાંથી આવે છે. જ્યારે ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધે છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં ઉછાળો જોવા મળે છે. તેનાથી ભારતનો આયાત ખર્ચ વધી જાય છે અને મોંઘવારી પર દબાણ ઊભું થાય છે. યુદ્ધવિરામના કારણે તેલના ભાવ સ્થિર રહેવાની શક્યતા વધે છે, જે ભારત માટે મોટો આર્થિક લાભ છે. સસ્તું તેલ એટલે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, પરિવહન ખર્ચમાં રાહત અને સામાન્ય નાગરિક માટે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવમાં સ્થિરતા.હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સમુદ્રી વેપાર માર્ગોમાંની એક છે. વિશ્વના મોટા પ્રમાણમાં તેલના જહાજો આ માર્ગથી પસાર થાય છે. ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવ દરમિયાન આ માર્ગની સુરક્ષા અંગે ચિંતાઓ ઊભી થાય છે. જો સંઘર્ષ વધે તો જહાજરાની ખર્ચ વધી શકે છે અને માલસામાનના પરિવહનમાં વિલંબ થઈ શકે છે. યુદ્ધવિરામથી સમુદ્રી વેપાર વધુ સુરક્ષિત અને સરળ બને છે. ભારત જે વિશ્વવ્યાપી વેપાર સાથે જોડાયેલું છે, તેને તેનો સીધો લાભ મળે છે.ભારતના લાખો નાગરિકો પશ્ચિમ એશિયાના વિવિધ દેશોમાં રોજગાર મેળવે છે. ખાસ કરીને ખાડી દેશોમાં કામ કરતા ભારતીયો દર વર્ષે અબજો ડોલરની રકમ ભારતમાં મોકલે છે. જો વિસ્તારમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય તો ભારતીય કામદારોની સુરક્ષા જોખમમાં મુકાઈ શકે છે અને રોજગારની તકો પણ ઘટી શકે છે. શાંતિપૂર્ણ વાતાવરણથી ભારતીય પ્ર???ીઓ માટે સ્થિરતા જળવાઈ રહે છે અને તેમના દ્વારા ભારતમાં મોકલાતી વિદેશી મુદ્રા પણ સુરક્ષિત રહે છે.ભારતની વિદેશ નીતિ લાંબા સમયથી સંતુલન અને સંવાદ પર આધારિત રહી છે. ભારત અમેરિકા સાથે પણ મજબૂત સંબંધો ધરાવે છે અને ઈરાન સાથે પણ ઐતિહાસિક તથા વ્યૂહાત્મક સંબંધો જાળવી રાખે છે. બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થવાથી ભારતને કોઈ એક પક્ષ તરફ ઝુકાવાનું દબાણ ઓછું રહે છે. આ પરિસ્થિતિ ભારતને પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ વધુ અસરકારક રીતે અમલમાં મૂકવાની તક આપે છે.ચાબહાર બંદર ભારત માટે વિશેષ મહત્વ ધરાવે છે. ઈરાનમાં આવેલો આ બંદર ભારતને મધ્ય એશિયા અને અફઘાનિસ્તાન સાથે જોડતો મહત્વપૂર્ણ માર્ગ છે. અમેરિકન પ્રતિબંધો અને પ્રાદેશિક તણાવના કારણે આ પ્રોજેક્ટની ગતિ ઘણી વખત પ્રભાવિત થઈ છે. જો ઈરાન અને અમેરિકા વચ્ચે સંબંધોમાં સુધારો થાય તો ચાબહાર સહિતના અનેક વિકાસ પ્રોજેક્ટોને નવી ગતિ મળી શકે છે. આથી ભારતના વેપાર અને વ્યૂહાત્મક હિતોને મજબૂતી મળશે.વિશ્વની અર્થવ્યવસ્થા આજે પરસ્પર જોડાયેલી છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ ઊભી થાય તો આંતરરાષ્ટ્રીય શેરબજારોમાં અનિશ્ચિતતા વધે છે. રોકાણકારો જોખમથી દૂર રહેવા લાગે છે અને વિકાસશીલ દેશોમાં રોકાણ ઘટી શકે છે.

## મેઘધનુષી આકાશમાં ગુલાબી વૈભવ



**ક્લિક કોર્નર** - અમૂલ પરમાર

નીલા અંબરના વિશાળ કેનવાસ પર શ્વેત વાદળોની ઘેરાયેલી ઘટાઓ જાણે કુદરતના કોઈ અદ્ભુત કાવ્યની પૃષ્ઠભૂમિ રચી રહી છે. આ આકાશી વૈભવની નીચે, લીલાછમ પર્ણોની ઓથમાં ખીલેલા મસ્ત ગુલાબી પુષ્પોના ઝુમખાં ધરતીના નિર્દોષ હાસ્યની જેમ મલકી રહ્યા છે. પવનની લહેરાતી લેરખીઓ સાથે ઝૂમતી આ ડાળીઓ અને વાદળોની સંતાકૂકડી વચ્ચે કુદરતનું એક અનોખું મિલન રચાય છે. ગગનની આ અસીમ શાંતિ અને ગુલાબી ફૂલોની આ મોહક સુંદરતા આખા વાતાવરણને કોઈ દિવ્ય અને અલૌકિક આનંદથી ભરી દે છે.

# વર્ષા ઋતુ : મોસમ અને મનનો સંબંધ

**કરંટ ટોપિક**

જેઠ મહિનાની કાળઝાળ ગરમીએ. કિરણના સ્વભાવને એટલો બધો ચીડિયો બનાવી દીધો કે એને કોઈની સાથે વાતો કરવાનું મન થતું નહોતું, પરંતુ મોસમમાં અચાનક એવો પલટો આવ્યો કે બધું જ બદલાઈ ગયાની અનુભૂતિ થવા લાગી. એક તરફી વાદળોએ સૂરજના તાપને સંતાડી દીધો, બીજી બાજુ વરસાદની બુંદોએ મહિનાઓથી તરસતી ધરતીને શીતળતા પ્રદાન કરી.-

વરસાદની બુંદો કિરણનો તનમનને સ્પર્શી તો જાણે તૈના બેજાન શરીરમાં જીવ આવ્યો અને સ્વભાવનું ચીડિયાપણું પણ દૂર થઈ ગયું. રાત્રે. ઓફિસેથી કિરણનાપતિ સુનીલે ઘરે આવ્યા તો દરવાજા પાસે એને સજી-ધજીને રાહ જોતી ઊભેલી જોઈ. તેઓ રૂમમાં દાખલ થયા, તો બધુ જ રોમેન્ટિક અંદાજમાં સજાવટ કરીને ગોઠવેલું જોયું. ફ્રેશ થઈને ડિનર માટે બેઠા તો જોયું કે રોમેન્ટિક કેન્ડલ લાઈટ ડિનરનું આયોજન ક્યું હતું અને કિરણની આંખોમાં રોમાન્સ અને પ્રેમ સ્પષ્ટ વર્તાતો હતો. ભોજન પીરસાયું તો ડિશમાં તેમને બધી પોતાની મનપસંદ વાનગીઓ જોવા મળી.



સુનીલને સમજતાં વાર ન લાગી કે આ બધું વરસાદની બુંદોની અસર છે. એણે પણ ખિસ્સામાંથી સુંદર ફૂલોનો ગજરો કાઢયો અને કિરણનાં લાંબા, ઘેરા અને કાળા ખુલ્લા વાળમાં ખૂબ પ્રેમથી લગાવી દીધો. હકીકતમાં સુનીલ ઓફિસેથી નીકળ્યો ત્યારે જ વરસાદ શરૂ થઈ ગયો હતો, તો ઝરમર વરસાદે તેને પણ રોમેન્ટિક બનાવી દીધો, ત્યારે જ કિરણ માટે એણે ગજરો ખરીદી લીધો હતો.

જ્યારે ઝરમર જલધારા વરસી

કેન્ડલ લાઈટ ડિનરને હજી બંને જણા એન્જોય કરી જ રહ્યા હતા કે વાદળોએ એકવાર ફરીથી ઝરમર વરસવાનું શરૂ કરી દીધું. કિરણ તો જાણે આ ક્ષણની જ રાહ જોતી હતી. એણે હળવેથી સુનીલનું કાંડું પકડયું અને આંખોમાં આંખ પરોવીને સુનીલને બગીચા સુધી લઈ ગઈ.

વરસાદની ઝરમર જલધારા, હાથોમાં એમનો હાથ અને 'રિમઝિમ સે તરાને લે કે આઈ બરસાત...', 'યે રાત ભીગીભીગી યે મસ્ત ફિઝાએ...', 'એક લડકી ભીગી-ભાગી સી...', 'આજ રપટ જાએ તો હમેં ન...', 'રિમઝિમ ગીરે સાવન ઉલઝલિઝ જાએ મન...', જેવા રોમેન્ટિક ગીતોનો સાથ મળી જવાથી ભલા કોણ એવો પ્રેમી હશે, જે પોતાને નાચવાથી રોકી શકે. બંને મનભરીને નાચ્યા.

કંઈક આવી જ તક એક પ્રેમી યુગલને પણ મળી. લાંબા સમય પછી આ વખતે બંનેને એકાંતમાં મળવાની તક મળી હતી. એમના ગ્રેજ્યુએશનના અભ્યાસ દરમિયાન કોઈએ પણ ક્યારેય એમને અલગ નહોતા જોયા. બંનેએ ત્યારે જ નક્કી કરી લીધું હતું કે, નોકરી મળતાં જ તેઓ લગ્ન કરી લેશે, પરંતુ એક કોમ્પિટિશન ક્લિયર કર્યા પછી ટ્રેનિંગ માટે જ્યારે બંનેને છૂટા પડવું પડયું તો તેમના મિત્રો એમનું રડવાનું જોઈને બહાર નીકળી ગયા હતા.

હવે જ્યારે ૨ વર્ષ પછી બંને મળ્યા છે, તો બસ એકબીજાને જોઈ જ રહ્યા છે. સચિન પણ કંઈ બોલતો નથી અને સ્મિતાનો પણ અવાજ નીકળતો નથી. બંનેને સમજાતું જ નહોતું કે શું પૂછે, કેવી રીતે પૂછે. ત્યાં જ બહાર વીજળીનો કડાકો સંભળાયો અને પળભરમાં જ વરસાદ વરસવા લાગ્યો. બહાર ધરતી ભીંજાતી હોય ત્યારે અંદર મન પણ ભીંજાય છે, એટલે જ તો સ્મિતાના જકડાઈ ગયેલા હોઠ બોલી ઊઠયા, આજે પણ નથી સુધર્યો, બરાબર એવો જ છે. બધો સામાન વેરવિખેર રાખ્યો છે. ખસ, હું સરખો કરી દઉં છું.''

સચિન પણ ક્યાં ચુપ રહેવા માગતો હતો. વરસાદના છાંટાઓએ એને પણ ભીંજવી નાખ્યો. મનથી પણ અને તનથી પણ. એને એ દ્રશ્ય યાદ આવવા લાગ્યું જ્યારે બંને પહેલીવાર વરસાદમાં મદમસ્ત થઈને બરાબર ભીંજાયા હતા અને હાથમાં હાથ પકડીને એકબીજા પર વારી ગયા હતાં.

આજે ફરીથી એ જ અંદાજમાં ભીંજાવા માટે આતુર થઈ રહ્યા હતા બંને. એવામાં સચિને ભૂખ લાગી હોવાનું બહાનું બનાવીને સ્મિતાને બહાર જવા માટે પૂછયું. ભલા, સ્મિતા ક્યાં ના પાડવાની જ હતી. એ પણ એ યાદોનો એક ભાગ હતી. બહાર નીકળતાંની સાથે જ થોડી જ વારમાં બંને પૂરેપૂરા ભીંજાઈ ચૂક્યા હતા, પરંતુ જમવાની વાત બીજીવાર કોઈએ કરી નહીં.

હકીકતમાં ભૂખનું તો માત્ર બહાનું જ હતું. હકીકતમાં તો બંનેને એકબીજાની નજીક આવવું હતું. થયું પણ એવું જ. વરસાદના છાંટાઓમાં બંનેના જૂના પ્રેમના અંકુર ફરીથી ફૂટી નીકળ્યા. હવે તો એકબીજાની આગોશમાં સમાઈ જવાની તીવ્ર ઈચ્છા થઈ ગઈ હતી. સતત વધતા જતા વરસાદમાં દૂરદૂર સુધી કોઈ દેખાતું નહોતું, તો બંને એકબીજાને લપેટાઈ ગયા.

જગાડે તનમનમાં પ્રેમ

સાચે જ, વરસાદી મોસમ છે જ એવી. કમબખ્ત પ્રેમની જેમ મન પર પણ છવાઈ જાય તો તન પણ કાબૂમાં રહેતું નથી અને હઠીલું બની જાય છે. એટલે જ તો કવિઓની કવિતાઓ અને ગીતકારોનાં ગીતોમાં વર્ષાતુ અને ઝરમરતા છાંટાઓના અલગ-અલગ ભાવ, અંદાજ અને રીતની રજૂઆત કરવામાં આવતી રહી છે.

# વિદેશી AI મોડેલો પર આંધળો ભરોસો કરવો ખતરનાક

અમેરિકાએ એન્થ્રોપિક કંપનીના બે સૌથી શક્તિશાળી AI મોડેલો — ફેબલ ૫ અને માયથોસ ૫ — પર વૈશ્વિક પ્રતિબંધ મૂકી દીધો છે. આ નિર્ણયે સમગ્ર ટેકનોલોજી જગતને હચમચાવી નાખ્યું છે. આ બે મોડેલો જટિલ ડેટા વિશ્લેષણ, કોડિંગ, સંશોધન અને એન્ટરપ્રાઈઝ ઓટોમેશન જેવા કામો માટે વિશ્વભરમાં વપરાતા હતા. તેમના અચાનક બંધ થવાથી સૌથી વધુ અસર ભારત પર પડી છે, કારણ કે અહીં હજારો

## AI યુદ્ધમાં અમેરિકાનો મોટો પ્રહાર: ફેબલ-માયથોસ પર વૈશ્વિક પ્રતિબંધ, ભારતની AI સ્વનિર્ભરતા હવે અનિવાર્ય બની ચુકી છે ભારતે આ ક્ષેત્રમાં હવે ઝડપી પગલાં લેવા જરૂરી બની ગયા છે જોકે ભારતે માઈક્રો ચિપ ના ઉત્પાદનમાં મહારત હાંસલ કરી છે

ડેવલપર્સ, સેંકડો સ્ટાર્ટઅપ્સ અને મોટી IT કંપનીઓ આ મોડેલો પર નિર્ભર હતી. હવે સવાલ એ છે કે ભારત આ સંકટનો સામનો કેવી રીતે કરશે અને શું આપણે આને તકમાં ફેરવી શકીશું?

ભારતીય AI ઈકોસિસ્ટમ પર સૌથી મોટો ઝટકો લાગ્યો છે.ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા AI બજારોમાંનું એક છે. અહીંના ટેક સ્ટાર્ટઅપ્સ, ફ્રીલાન્સ ડેવલપર્સ અને મોટી સોફ્ટવેર કંપનીઓ વિદેશી AI મોડેલોનો વ્યાપક ઉપયોગ કરે છે. ફેબલ ૫ અને માયથોસ ૫ ખાસ કરીને એવા મોડેલો હતા જે ખૂબ જ જટિલ અને ચોક્કસ કામો માટે જાણીતા હતા. ઘણી ભારતીય કંપનીઓએ પોતાના આખા AI ટૂલ્સ અને સેવાઓ આ મોડેલોના પાયા પર બનાવી હતી. હવે આ પાયો અચાનક ખેંચી લેવાથી તેઓ મોટી મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.

સૌથી વધારે તકલીફ નાના સ્ટાર્ટઅપ્સને થઈ છે. મોટી કંપનીઓ પાસે સંસાધનો છે - તેઓ બીજા AI મોડેલમાં શિફ્ટ થઈ શકે છે. પરંતુ નાના સ્ટાર્ટઅપ્સ માટે આ આર્થિક અને તકનીકી બંને રીતે મોટો બોજો છે. તેમને નવું મોડેલ શોધવું, તેને સમજવું, પોતાની સિસ્ટમ તેમાં ઢાળવી અને તેના માટે કર્મચારીઓને તાલીમ આપવી - આ બધા માટે સમય અને પૈસા બંને જોઈએ. ઘણા સ્ટાર્ટઅપ્સ આ ખર્ચ ઉઠાવી નહીં શકે અને તેમને પોતાની સેવાઓ બંધ કરવી પડી શકે છે.ભારતીય સંશોધકો અને યુનિવર્સિટીઓ પણ આનાથી પ્રભાવિત થઈ છે. ઘણા સંશોધન પ્રોજેક્ટ્સ જે આ મોડેલોની ક્ષમતાઓ પર ચાલતા હતા, તે હવે અટકી ગયા છે. PhD સ્કોલર્સ અને સંશોધનાર્થીઓએ નવેસરથી શરૂઆત કરવી પડશે, જેનાથી તેમના કામમાં મહિનાઓનો વિલંબ થશે.

દરેક સંકટમાં તક છુપાયેલી હોય છે. આ પ્રતિબંધે ભારતને એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે - વિદેશી AI મોડેલો પર આંધળો ભરોસો કરવો ખતરનાક છે. અમેરિકા કોઈ પણ સમયે કોઈ પણ મોડેલ પર પ્રતિબંધ લગાવી શકે છે. તેથી ભારત માટે હવે સૌથી મોટી જરૂરિયાત છે - પોતાના સ્વદેશી AI મોડેલો વિકસાવવાની.

ભારતમાં પહેલેથી જ કેટલીક સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ પોતાના મોટા ભાષા મોડેલ્સ (LLMs) પર કામ કરી રહ્યા છે. આ પ્રતિબંધ તેમને વધુ સંસાધનો અને સરકારી સમર્થન મેળવવામાં મદદ કરી શકે છે. સરકારે પહેલેથી AI મિશન હેઠળ મોટા રોકાણો કર્યા છે, પરંતુ હવે આ કામને વધુ ઝડપ આપવી પડશે.જો ભારત સફળતાપૂર્વક પોતાના AI મોડેલો બનાવી લે, તો તે માત્ર વિદેશી નિર્ભરતા ઘટાડશે નહી, પરંતુ AI ટેકનોલોજીનો નિકાસકાર પણ બની શકે છે. ભારતીય છેં મોડેલો ભારતીય ભાષાઓમાં, ભારતીય

**આસપાસ ચોપાસ** - સુરેશ ભટ્ટ

સંદર્ભમાં અને ભારતીય જરૂરિયાતો મુજબ બનશે, જે આપણા દેશના સામાન્ય નાગરિક માટે વધુ ઉપયોગી સાબિત થશે.આ એક માત્ર ભારતનો પ્રશ્ન નથી. સમગ્ર વિશ્વમાં AI ઉદ્યોગ હવે હિલોળા પર છે. આ ઘટના પછી, કોઈ પણ કંપની એવું માનીને નહીં ચાલી શકે કે આજે જે AI મોડેલ વાપરી રહી છે, તે કાલે પણ ઉપલબ્ધ રહેશે. વિશ્વભરની કંપનીઓ હવે 'મલ્ટી-મોડલ સ્ટ્રેટેજી' અપનાવશે — એટલે કે, તેઓ એકસાથે બે કે તેથી વધુ AI મોડેલો પર પોતાની સિસ્ટમ ચલાવશે, જેથી એક બંધ થાય તો બીજો કામ કરતો રહે.યુરોપ, જાપાન, દક્ષિણ કોરિયા અને અન્ય દેશો પણ હવે પોતાના AI મોડેલો વિકસાવવા માટે વધુ પ્રોત્સાહિત થશે. AI હવે માત્ર અમેરિકાની એકાધિકાર નહીં રહે. આપણે એવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ જ્યાં દરેક મોટો દેશ પોતાનું AI બનાવવાનો પ્રયત્ન કરશે - જેમ અત્યાર સુધી દરેક દેશ પોતાની ઉપગ્રહ પ્રણાલી બનાવતો હતો, તેમ હવે AI પ્રણાલી બનાવશે.ભારત સરકારે આને રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો માનીને તાત્કાલિક પગલાં લેવા જોઈએ. પહેલું કામ છે — AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવું. મોટા AI મોડેલોને તાલીમ આપવા માટે ખૂબ શક્તિશાળી કમ્પ્યુટર્સ, ગ્રાફિક્સ પ્રોસેસિંગ યુનિટ્સ (GPUs) અને ડેટા સેન્ટર્સ જોઈએ. ભારતે આ ક્ષમતા વધારવી પડશે.બીજું કામ છે — ડેટા સેટ તૈયાર કરવો. AI મોડેલને તાલીમ આપવા માટે મોટા પ્રમાણમાં સ્વચ્છ અને વિવિધ પ્રકારનો ડેટા જોઈએ. ભારતીય ભાષાઓ, ભારતીય સંદર્ભ અને ભારતીય કાયદાઓને ધ્યાનમાં રાખીને આવો ડેટા તૈયાર કરવો પડશે. આ માટે સરકારે ખાનગી કંપનીઓ, યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથે ભાગીદારી કરવી પડશે.ત્રીજું અને સૌથી મહત્વનું કામ છે - નિષ્ણાતોની ટીમ બનાવવી. ટોચના AI સંશોધકોની માંગ વિશ્વભરમાં છે. ભારતે પોતાના પ્રતિભાશાળી યુવાનોને દેશમાં રોકવા અને વિદેશથી ભારતીય મૂળના AI નિષ્ણાતોને પાછા લાવવા માટે આકર્ષક યોજનાઓ બનાવવી પડશે.જો તમે કોઈ AI ચેટબોટ, AI રાઈટિંગ ટૂલ, AI ઈમેજ જનરેટર અથવા AI આધારિત મોબાઈલ એપનો ઉપયોગ કરો છો, તો તેના પર અસર પડવાની સંભાવના છે. ટૂંકા ગાળામાં, કેટલીક સેવાઓ બંધ થઈ શકે છે, કેટલીકની કિંમત વધી શકે છે, અને કેટલીકની ગુણવત્તા ઘટી શકે છે કારણ કે કંપનીઓ બીજા મોડેલ પર શિફ્ટ થઈ રહી હશે.પરંતુ લાંબા ગાળે, જો ભારત પોતાના AI મોડેલો બનાવવામાં સફળ થશે, તો ફાયદો થશે. ભારતીય AI મોડેલો ગુજરાતી, મરાઠી, બંગાળી, તમિળ, તેલુગુ, અને અન્ય ભારતીય ભાષાઓમાં કામ કરી શકશે. તે ભારતીય સંસ્કૃતિ, રિવાજો અને જરૂરિયાતોને વધુ સારી રીતે સમજી શકશે. અને સૌથી મહત્વનું - તે વધુ સસ્તું હશે, કારણ કે વિદેશી લાયસન્સ ફી નહીં ચૂકવવી પડે.





ફેબલ ૫ અને માયથોસ ૫ પરનો પ્રતિબંધ એ AI દુનિયાનો 'સ્પુટનિક મોમેન્ટ' છે. જેમ ૧૯૫૭માં રશિયાના સ્પુટનિક ઉપગ્રહે અમેરિકાને જગાડ્યો હતો અને અવકાશ સંશોધનમાં અબજો ડોલરનું રોકાણ કરવા મજબૂર કર્યું હતું, તેમ આ ઘટનાએ ભારતને જગાડી છે. હવે ભારતને બે જ રસ્તા છે — કાં તો AIમાં પાછળ રહી જાઓ, અથવા પોતાના પગ પર ઊભા થઈ જાઓ. ભારતે બીજો વિકલ્પ પસંદ કરવો જ પડશે, કારણ કે છેંની દુનિયામાં, મોડું થાય તે પહેલાં હવે પગલાં લેવાનો સમય છે. આ સંકટને તકમાં બદલવાની જવાબદારી હવે સરકાર, ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ અને દરેક ભારતીય ડેવલપરની છે. ભારતની AI સ્વનિર્ભરતા હવે માત્ર એક વિકલ્પ નથી, તે અનિવાર્યતા છે.

# ફિફા વર્લ્ડ કપમાં મોટો અપસેટ : કેપ વર્ડેએ યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ગોલ રહિત ડ્રો પર રોક્યું



નવીદિલ્હી,

ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ નો પાંચમો દિવસ મુખ્ય ટીમો માટે પડકારોથી ભરેલો હતો. પોતાનો પહેલો વર્લ્ડ કપ રમી રહેલા કેપ વર્ડેએ યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ગોલ રહિત ડ્રો પર રોકીને સનસનાટી મચાવી દીધી. બીજી તરફ, ઈજિપ્તે બેલ્જિયમ જેવી મજબૂત ટીમને ૧-૧ થી ડ્રો કરીને કઠિન મુકાબલો કર્યો. ગ્રુપ એચમાં રહેલા ઉરુગ્વે પણ સાઉદી અરેબિયા સામે જીત મેળવવામાં નિષ્ફળ ગયા, અને મેચ ૧-૧ થી સમાપ્ત થઈ.

લગભગ ૫૦૦,૦૦૦ ની વસ્તી ધરાવતા નાના ટાપુ રાષ્ટ્ર, કેપ વર્ડેએ તેની પ્રથમ વર્લ્ડ કપ મેચમાં એવી રીતે પ્રદર્શન કર્યું જે બહુ ઓછા લોકોએ અપેક્ષા રાખી હતી. ટીમે ટાઈટલના દાવેદાર સ્પેનને ૦-૦ થી ડ્રો પર રોકી દીધું. આ ઐતિહાસિક પરિણામનો સૌથી મોટો હીરો ૪૦ વર્ષીય ગોલકીપર વોજિન્હા હતો, જેણે સમગ્ર મેચ દરમિયાન શાનદાર બચાવ કર્યો, સ્પેનના સ્ટાર ખેલાડીઓને ગોલ કરવાની તકથી વંચિત રાખ્યા. ફેરન ટોરેસ સ્પેન માટે સૌથી નજીક આવ્યો, પરંતુ તેનો શોટ ક્રોસબારમાં વાગ્યો. વોજિન્હાએ પાછળથી ઘણા ઉત્તમ બચાવ પણ કર્યા.રસપ્રદ વાત એ છે કે, મેચની અંતિમ ક્ષણોમાં કેપ વર્ડે પાસે જીતવાની તક હતી, પરંતુ સ્પેનના ગોલકીપર ઉનાઈ સિમોને દિની બોર્જેસનો હેડર બચાવ્યો. યુવા સ્ટાર લેમિન યમાલ હોવા છતાં, સ્પેન જીતનો રસ્તો શોધી શક્યું નહીં.

ગ્રુપ જીમાં, ઈજિપ્તે બેલ્જિયમને ૧-૧ થી ડ્રો કરીને સખત લડાઈ આપી. ઈમામ અશૌરે ૧૯મી મિનિટે મોહમ્મદ સલાહના શાનદાર પાસને કારણે ઈજિપ્તને લીડ અપાવી. આ તેના આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો પહેલો ગોલ હતો. ઈજિપ્તે લાંબા સમય સુધી આ લીડ જાળવી રાખી અને સ્ટાર-સ્ટડેડ બેલ્જિયમ ટીમને મુશ્કેલીમાં મૂકી. જોકે, ૬૬મી મિનિટે નસીબ ટકરાયું. ડિફેન્ડર મોહમ્મદ હાનીએ થોમસ મ્યુનિયરના ખતરનાક ક્રોસને પોતાના જ નેટમાં ડિફ્લેક્ટ કર્યો, જેનાથી બેલ્જિયમ બરાબરી કરી શક્યું.ગ્રુપ એચની બીજી મેચમાં, સાઉદી અરેબિયા અને ઉરુગ્વે વચ્ચે પણ રોમાંચક મુકાબલો જોવા મળ્યો. અબ્દુલ્લાહ અલ અમ્રીના ગોલને કારણે સાઉદી અરેબિયાએ પહેલા હાફમાં લીડ મેળવી. ઉરુગ્વેના અનુભવી ગોલકીપર ફર્નાન્ડો મુસલેરાએ આ મેચમાં ઈતિહાસ રચ્યો. ૩૯ વર્ષ અને ૩૬૪ દિવસની ઉંમરે, તે વર્લ્ડ કપમાં ઉરુગ્વેનું પ્રતિનિધિત્વ કરનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો.

# રોહિત શર્મા બીજી વનડે મેચ રમતાની સાથે જ એક રેકોર્ડ બનાવશે

નવીદિલ્હી,

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા ૧૭ જૂને ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની બીજી વનડેમાં મેદાનમાં ઉતરતાની સાથે જ પોતાના શાનદાર ક્રિકેટ કારકિર્દીમાં વધુ એક મોટો રેકોર્ડ બનાવશે. આ અનુભવી બેટ્સમેન રાહુલ દ્રવિડને પાછળ છોડીને ભારત માટે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમનારા ખેલાડીઓની યાદીમાં ચોથા સ્થાને પહોંચી જશે. હાલમાં, રોહિત શર્મા અને રાહુલ દ્રવિડ સંયુક્ત રીતે ચોથા ક્રમે છે. આ મેચ પછી, દ્રવિડ પાંચમા સ્થાને સરકી જશે, અને રોહિત તેને પાછળ છોડી દેશે. રોહિતે ટી ૨૦ આંતરરાષ્ટ્રીય અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે અને હાલમાં તે ફક્ત વનડે ક્રિકેટમાં સક્રિય છે.

